C.C.534-2018

**:: આંક –૧૭ લગત હુકમ ::**

**(૧)** આ કામના અરજદાર રાકેશ શરદચંદ્ર પાટીલ નાએ સદર અરજી આપી અરજ ગુજારેલ છે કે, દહેજ પો.સ્ટે.ગુના રજી.નં.I.૪૦/૧૮, ઈપીકો કલમ ૪૦૭, ૧૨૦(બી) વગેરેથી નોધાયેલ છે. સદર ગુનાની હકીકત એવી છે કે, ફરીયાદીની કંપનીમાંથી તા.૧૩/૩/૧૮ થી તા.૨૬/૪/૧૮ દરમ્યાન ત્રણ અલગ અલગ કન્ટેનરોમાં ટી.ડી.આઈ. નો જથ્થો વિદેશ જવા રવાના કરેલ. જે ગુનાહીત કાવતરુ રચી રહીયાદથી સુરત હજીરા સુધીમાં પૈકી ૩૬ મે.ટન કિ.રૂા.૯૨,૩૬,૦૦૦/– નો જથ્થો રસ્તામાં સગેવગે કરી માલ નહી પહોચાડી ગુનાહીત વિશ્ર્વાસઘાત કરી ગુન્હો કર્યા બાબતની ફરીયાદ દહેજ પો.સ્ટે. તા.૧૬/૫/૧૮ ના રોજ નોધાયેલ છે. સદર અરજદારને અટક કરી રીમાન્ડ મેળવેલ અને રીમાન્ડ પુરા થતા જામીન અરજી રજુ કરેલ જે નામંજુર થતા નામદાર ડીસ્ટ્રકીટ કોર્ટ ભરુચના ક્રિ. પરચુ.અરજી નં.૫૭૫/૧૮ થી રુ.૨૫,૦૦૦/– ના જામીન પર કેટલીક શરતોને આધિન જામીન પર મુકત કરેલ જે શરતો પૈકીની શરત નં.(૧) The Applicant accused shall mark his presence on every Saturday between **10.00** a.m. to **3.00** p.m. in Dahej Police Station, for one year from the date of this Order.

સદર શરત નં.૧ નીચે જણાવેલ કારણો સદર ડીલીટ કરવા અથવા વિકલ્પે સુધારો કરી આપવા માટે હાલની અરજી કરેલ છે કે, જેમાં (૧) અરજદાર અરજીમાં જણાવેલ નામ સરનામામાંથી તેઓનું કાયમી વસવાટ કરી વેપાર કરી તેઓનું તથા કુંટુંબીજનોનું ગુજરાન ચલાવે છે. (૨) સદર કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જસીટ રજુ થઈ ગયેલ છે. (૩) નામદાર સેસન્સ કોર્ટે અરજદારને ક્રિ.પ.અરજી નં.૫૭૫/૧૮ ને લગત જે હુકમ કરેલ છે હુકમમાની શરતોનું પાલન કરેલ છે અને આજ દિન સુધી કરતા આવેલા છે અને જે હુકમ મુજબ તેઓએ રા.૨૫,૦૦૦/– ના પર્સનલ બોન્ડ તથા ભરુચ જીલ્લાના રુ.૨૫,૦૦૦/– ના પાકા જામીન પણ રજુ કરેલ છે અને બીજી તમામ શરતોનું પાલન કરેલ છે જેથી નાસી ભાગી જવાનો પ્રશ્ન રહેતો નથી. (૪) અરજદારને સેસન્સ કોર્ટના હુકમ માની શરત નં.૧ મુજબ દહેજ પો.સ્ટે.માં હાજર થવુ પડે તેમ છે તેમજ અરજદાર ૪૫૦ થી ૫૦૦ કી.મી. દુર ફકત

હાજરી પુરાવવા માટે આવવુ પડે તેમ છે તેવામાં આર્થિક, માનસીક અને શારીરીક ઘણુ જ નુકશાન જાય તેમ છે અને એવામાં તેઓનો ધંધો રોજગાર છીનવાઈ જાય તેવી પરિસ્થિતિ ઉભી થાય તેમ છે તેમજ નામદાર કોર્ટમાં દર ઠરાવ તારીખે હાજર રહે છે તેમજ સદરહું કામ ચાલવા પર ઘણો સમય જાય તેમ હોય જેથી સદર અરજી મંજુર કરવી ખુબ જરુરી છે.(૫) અરજદાર એવી પાકી ખાતરી અને બાંહેધરી આપે છે કે, આપ નામદાર કોર્ટ જે હુકમ ફરમાવશે તેનું ચુસ્તપણે પાલન કરશે તેમજ જે શરતો મુકશે તેનુ પણ ચુસ્તપણે પાલન કરશે. સબબ અરજ કરેલ છે કે, નામદાર ભરુચના પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે ક્રિ.પ.અ.નં.૫૭૫/૧૮ ના કામે કરેલ હુકમમાની શરત નં.૧ ડીલીટ કરી આપવામાં આવે અથવા વિકલ્પે શરત નં.૧ મુજબ દર શનિવારે હાજર ન રહેવાની પરવાનગી આપવામાં આવે અથવા વિકલ્પે મહીનામાં એક વખત હાજર રહેવાની પરવાનગી આપતો હુકમ કરી આપવા યોગ્ય હુકમ ફરમાવવા તેમજ નામદાર કોર્ટને યોગ્ય અને મુનાસીબ લાગે તેવો હરકોઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) અરજદાર તર્ફે તેઓની અરજીના સમર્થનમાં વિ.વ.શ્રી પી.જે.મારુ ની વિસ્તારપુર્વકની રજુઆત સાંભળવામાં આવેલ છે. તેમજ અરજદાર તર્ફે અરજીના સમર્થનમાં રજુ કરવામાં આવેલ ચુકાદાઓને માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

(૩) અરજદારની અરજીની વિરુધ્ધમાં સરકારી વકીલશ્રીનો શેરો વંચાણે લીધો તેમજ તેઓએ મૌખિકમાં અરજી સંદર્ભે હર્ડ ગણી લેવા વિનંતી કરેલ છે.

(૪) ઉપર મુજબની ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. અરજદાર તર્ફે રજુ અરજીની હકીકત ધ્યાને લીધી. રજુ ચાર્જસીટની હકીકતનો ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ ઈપીકો કલમ ૪૦૭, ૧૨૦(બી), ૪૬૮, ૪૭૧, ૩૭૯, ૪૧૧ મુજબના ગુના સબબની ચાર્જસીટ રજુ થયેલ છે. આમ, આક્ષેપિત ગુના સબબની ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા આ અદાલત એટલે કે નામદાર નીચેલી કોર્ટને રહેલી છે. નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા ક્રિમી. ૫.અરજી નં.૫૭૫/૧૮ ના કામે તા.૯/૧૦/૧૮ ના રોજ કરવામાં આવેલ હુકમને માનસહ વંચાણે લેવામાં આવેલ છે. જે હુકમમાં નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટે શરત નં.૭ માં The Trial Court shall be at liberty to modify/delete any of the aforementioned condition/s. તે મુજબની ફરમાવેલ છે. આમ, આ અદાલતને શરતમાં ફેરફાર કરવાનો

કે ડીલીટ કરવાનો નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના હુકમ મુજબ સત્તા રહેલી છે. અરજદારની અરજીની હકીકતને ધ્યાને લેતાં અરજદાર મુંબઈ થાણેના રહેવાસી છે અને જો તેઓને શરત નં.૧ મુજબ દર શનિવાર દહેજ પો.સ્ટે.માં હુકમની તારીખથી એક વર્ષ સુધી હાજરી પુરાવવા આવવુ પડે તો મુંબઈ અને દહેજ વચ્ચેના અંતરને ધ્યાને લેતા અરજદારને આર્થિક અને શારીરીક ઘણુ જ નુકશાન થવાની શકયતા રહેલી છે તે સંજોગોમાં અરજદારે તેઓની અરજીમાં શરત નં.૧ મોડીફાય કરવા સંદર્ભે જે કારણો જણાવેલ છે તે વ્યાજબી જણાય છે અને તે સંજોગોમાં અરજદારની અરજી મંજુર કરવા પાત્ર જણાતી હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદાર રાકેશ શરદચંદ્ર પાટીલ નાઓની હાલની આ અરજી આથી અંશતઃમંજુર કરવામાં આવે છે.

નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ ભરુચ નાઓએ ક્રિમીનલ પરચુરણ અરજી નં.૫૭૫/૧૮ માં ફરમાવેલ માત્ર શરત નં.૧ નીચે મુજબ મોડીફાઈડ કરવામાં આવે છે.

આ કામના અરજદારે નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટના ક્રિ.પ.અ.નં.૫૭૫/૧૮ મા થયેલ હુકમની તારીખથી એક વર્ષ સુધી દર મહીનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારના કલાક ૧૦ :૦૦ થી બપોરના કલાક ૩:૦૦ સુધીમાં દહેજ પો.સ્ટે.માં હાજરી પુરાવવી.

હુકમની જાણ સબંધીત પો.સ્ટે. કરવી.

હુકમ આજ તારીખ:૧૨મી, માહેઃ ફેબ્રુઆરી સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કયો.

**DATE :12-02-2019**
**PLACE:VAGRA**

**(SAGARKUMAR SHANTILAL PRAJAPATI)**
**J.M.F.C.,VAGRA,**
**CODE NO.GJ01482**